॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# Angela Merkel – World's Most Influential Leader
# (એન્જેલા મર્કેલ – વિશ્વના સૌથી પ્રભાવશાળી નેતા)

- ડૉ. ભાગ્યશ્રી રાજપૂત

**સારાંશ :-**

વર્ષ – 2020ની ફોર્બ્સ મેગેઝીનની યાદીમાં પ્રથમ ક્રમે વિશ્વની સૌથી શક્તિશાળી મહિલા તરીકે બિરુદ પામેલ સત્તાધારી મહિલા એટલે એન્જેલા મર્કેલ. જર્મની (Germany) જેવા વિકસિત દેશમાં 2005માં સૌ પ્રથમ મહિલા અને પ્રથમ પૂર્વ જર્મન ચાન્સેલર બનનાર મર્કેલ આજ દિન સુધી એ પદ શોભાવી રહ્યા છે. આ જ બાબત તેઓની પ્રતિભાને દર્શાવે છે. 1986માં ક્વોન્ટમ રસાયણશાસ્ત્રમાં ડૉક્ટરેટની પદવી મેળવી અને 1989 સુધી સંશોધન વૈજ્ઞાનિક તરીકે મહત્વની કામગીરી હાથ ધરી. ભૌતિકશાસ્ત્રી તરીકે પ્રશિક્ષિત એન્જેલા 1989માં બર્લિનની દિવાલના પતન પછી રાજકારણમાં પ્રવેશ્યા હતા. લોકશાહી જાગૃતિ, જર્મની માટે જોડાણ કે કોઈ મહત્વના કરાર પર તેઓનું તાર્કિક વલણ રહ્યું છે. ખ્રિસ્તી લોકશાહી સંઘ (Christian Democratic Union - CDU)માં ડેમોક્રેટિક એલાયન્સનું વિલીનીકરણ, મહિલા અને યુવાઓને લગતી મહત્વની બાબતો, વિદેશી નીતિ, આતંકવાદ, સ્થળાંતર કરનારાઓ અને શરણાર્થીઓને આવકારવા, યુરોપીયન દેવાની કટોકટીનું સંચાલન, પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જ જેવા મુદ્દાઓ પર મહત્વના કાર્યો કર્યા છે. મોટાભાગના સામાજિક રાજકીય કાર્યોમાં અગ્રેસર હોવા છતાં ઘણાં મહત્વના નિર્ણયો તથા અન્ય દેશો સાથેના વાટાઘાટો-કરારો કર્યા બાદ અનેક ટીકાકારોનો સામનો પણ કરવો પડ્યો છે. ઉપરાંત પોતાના જ પક્ષના અનેક સાંસદોના અસંતોષ છતાં તેઓ અડીખમ રહી સક્રિયપણે સામાજિક-રાજકીય જવાબદારીઓ નિભાવવામાં સક્ષમ બન્યા છે. જર્મનીના નાગરીકો પ્રત્યેની દેખભાળ, સહાનુભૂતિપૂર્ણ અને નિર્ણાયક અભિગમને કારણે તેઓને "મુત્તી" ("Mutti" - mother) તરીકેનું ઉપનામ પ્રાપ્ત થયું છે. પ્રસ્તુત લેખમાં જર્મનીના પ્રતિષ્ઠિત એન્જેલા મર્કેલના જીવનચરિત્રને આલેખવાનો હેતુ રહેલો છે. તેઓના વ્યક્તિગત જીવન, પારિવારિક, રાજકીય જીવનને વર્ણવ્યુ છે. તેમજ સશક્ત મહિલા નેતા તરીકે તેઓના મહત્વના કાર્યોને રજૂ કરવાનો પ્રયત્ન કરેલ છે.

**ચાવીરૂપ શબ્દો** :- ચાન્સેલર, એન્જેલા મર્કેલ, મહિલા, સશક્ત, નેતા, પ્રભાવશાળી, પ્રતિભાસંપન્ન.

**પ્રસ્તાવના** :-

જર્મની એ લોકશાહી અને સંસદીય વ્યવસ્થા ધરાવતો દેશ છે. વૈશ્વિક ઈતિહાસ રહ્યો છે કે સમાનતા ધરાવતા લોકશાહી દેશોમાં મહિલાઓની સ્થિતિ તેઓનો દરજ્જો ખૂબ જ નિમ્ન રહ્યો છે. મહિલાઓની ભૂમિકા ત્રેવડી હોવા છતાં, સમાજના ઘડતર-વિકાસમાં બહોળું પ્રદાન હોવા છતાં તેઓને પુરુષોથી ગૌણ અને ઉતરતી કક્ષાની માનવામાં આવે છે. મસમોટા મૂડીવાદી વિકસિત દેશોનો સામાજિક ઈતિહાસ જોતાં ખ્યાલ આવશે કે, પરંપરાગત સંસ્કૃતિવાળો સમાજ પણ મહિલાઓની સત્તા અને આધિપત્યથી વિકસિત થઇ શકે છે. અમેરિકા, યુરોપ, જાપાન, સ્વિડન, બ્રાઝિલ, જર્મની, ચીન, ભારતમાં પણ મહિલાઓની ભૂમિકા બદલાઈ છે. તેઓ જે રૂઢીવાદી સંસ્કૃતિ અને સમાજમાં રહેતા હતા તેમાં વિવિધ સામાજિક, આર્થિક, ધાર્મિક, રાજકીય પરિવર્તનો આવ્યા છે. મહિલાઓના રાજકારણ પ્રવેશથી જે-તે દેશે પ્રસિદ્ધી અને વિકાસ હાંસલ કરી ઈતિહાસ સર્જ્યો છે તેમાં કોઈ અતિશયોક્તિ નથી.

જે રીતે ભારતમાં મહિલાઓનું સ્થાન અને દરજ્જો ઘર-પરિવાર સુધી જ સીમિત હતું તેવી જ રીતે જર્મન સમાજમાં મહિલાઓ આવી જ પરંપરાગત ભૂમિકા નિભાવતી. જર્મન ભાષામાં મહિલાઓની ભૂમિકાને 'Four K' (ચાર કે): બાળકો (*Kinder-* children), ચર્ચ (*Kirche-Church*), રસોડું (*Küche—kitchen* ), અને કપડા (*Kleider-* clothes) દ્વારા વર્ણવવામાં આવતી. જે દર્શાવે છે કે તેમની મુખ્ય ફરજો બાળકો જન્માવવી અને ઉછેરવી, ધાર્મિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવો, રસોઈ બનાવવી અને ભોજન પીરસવું અને કપડાં અને ફેશન સાથે વ્યવહાર કરવો. જો કે, 20મી સદી દરમિયાન તેમની ભૂમિકા બદલાઈ. 1919 માં મત આપવાનો અધિકાર પ્રાપ્ત કર્યા પછી, જર્મન મહિલાઓએ અગાઉ પુરુષો દ્વારા ભજવવામાં આવતી સક્રિય ભૂમિકાઓ લેવાનું શરૂ કર્યું.[4] જર્મનીમાં મહિલાઓની મજબૂત રાજકીય ભાગીદારી એ પરંપરાગત બંધનો અને દમનકારી મૂલ્યો તોડ્યા છે. તેમજ સશક્ત, પ્રતિભાસંપન્ન મહિલાઓનો ઉદય થયો છે, તેનું સ્પષ્ટ અને જીવંત ઉદાહરણ છે - જર્મનીમાં ૧૬ વર્ષથી ચાન્સેલર પદે શાસન કરનાર એન્જેલા મર્કેલ.

**જર્મન સામ્રાજ્ય** :- સત્તાધારી વ્યક્તિત્વ બનાવી રાખવાની ઝંખનાથી જ માનવી જુદા-જુદા કુદરતી તત્વો પર્વતો, નદીઓ, ફળદ્રુપ જમીનની આજુબાજુ પોતાના આગવા કબીલા, સમુદાયો, જૂથ બનાવતો થયો. પ્રાચીન સમયમાં ડેન્યુબ નદીની ઉત્તરે રહેતા 'બર્બર કબીલા'નાં દેશોને ગેર્માનિયા (Germania) તરીકે ઓળખાતું. આ જ નામ પરથી 'જર્મની' નામ ઉતરી આવેલ છે. અહી રહેતા આદિવાસીઓની પોતાની આગવી જર્મન ભાષા-બોલી હતી. જો કે અનેક ગતિવિધિઓને કારણે તેઓનું ખ્રિસ્તીકરણ થયું. જુદા-જુદા દેશો વચ્ચેના યુદ્ધનાં કારણે જર્મનીનાં ચાન્સેલરો બદલાતા ગયા તેમ દેશનું સામ્રાજ્ય બદલાતું ગયું. અહી જર્મનીનાં પૂર્વે ચાન્સેલરોની યાદી આપેલ છે :-

---

4 Women In German Society, German Culture, germanculture.com

| ક્રમ | જર્મન સામ્રાજ્યનાં પૂર્વ ચાન્સેલરો નામ | સમયગાળો |
|---|---|---|
| | **જર્મન સામ્રાજ્ય (German Empire - 1871–1918)** | |
| 1. | ઓટ્ટો વોન બિસ્માર્ક (Otto von Bismarck) | 1871–90 (18 વર્ષ, 364 દિવસ) |
| 2. | લીઓ, ગ્રાફ વોન કેપ્રીવી (Leo, Graf von Caprivi) | 1890–94 (4 વર્ષ, 220 દિવસ) |
| 3. | ક્લોડવિગ કાર્લ વિક્ટર, હોહેનલોહે-શિલિંગ્સફર્સ્ટનો રાજકુમાર (Chlodwig Karl Viktor, prince of Hohenlohe-Schillingsfürst) | 1894–1900 (5 વર્ષ, 353 દિવસ) |
| 4. | બર્નહાર્ડ, પ્રિન્સ વોન બુલો (Bernhard, prince von Bülow) | 1900–09 (8 વર્ષ, 270 દિવસ) |
| 5. | થિયોબાલ્ડ વોન બેથમેન હોલવેગ (Theobald von Bethmann Hollweg) | 1909–17 (7 વર્ષ, 364 દિવસ) |
| 6. | જ્યોર્જ માઇકલિસ (Georg Michaelis) | 1917 (110 દિવસ) |
| 7. | જ્યોર્જ ફ્રેડરિક, ગ્રાફ વોન હર્ટલિંગ (Georg Friedrich, Graf von Hertling) | 1917–18 (333 દિવસ) |
| 8. | મેક્સિમિલિયન, બેડેનનો રાજકુમાર (Maximilian, prince of Baden) | 1918 (37 દિવસ) |
| 9. | ફ્રેડરિક એબર્ટ (Friedrich Ebert) | 1918 (96 દિવસ) |
| | **વેઇમર રિપબ્લિક (Weimar Republic - 1919–33)** | |
| 10. | ફિલિપ સ્કીડેમેન (Philipp Scheidemann) | 1919 (127 દિવસ) |
| 11. | ગુસ્તાવ બૌર (Gustav Bauer) | 1919–20 (279 દિવસ) |
| 12. | હર્મન મુલર(Hermann Müller) (પ્રથમ વખત) | 1920 (86 દિવસ) |
| 13. | કોન્સ્ટેન્ટિન ફેહરેનબેક (Konstantin Fehrenbach) | 1920–21 (313 દિવસ) |
| 14. | જોસેફ વિર્થ (Joseph Wirth) | 1921–22 (1 year, 188 દિવસ) |
| 15. | વિલ્હેમ કુનો (Wilhelm Cuno) | 1922–23 (263 દિવસ) |
| 16. | ગુસ્તાવ સ્ટ્રેસેમેન (Gustav Stresemann) | 1923 (109 દિવસ) |
| 17. | વિલ્હેમ માર્ક્સ (Wilhelm Marx) (પ્રથમ વખત) | 1923-25 (1 વર્ષ, 46 દિવસ) |
| 18. | હેન્સ લ્યુથર (Hans Luther) | 1925–26 (1 વર્ષ, 117 દિવસ) |
| 19. | વિલ્હેમ માર્ક્સ (Wilhelm Marx) (બીજી વખત) | 1926–28 (2 વર્ષ, 26 દિવસ) |
| 20. | હર્મન મુલર(Hermann Müller) (બીજી વખત) | 1928–30 (1 વર્ષ, 272 દિવસ) |
| 21. | હેનરિક બ્રુનિંગ (Heinrich Brüning) | 1930–32 (2 વર્ષ, 61 દિવસ) |
| 22. | ફ્રાન્ઝ વોન પેપેન (Franz von Papen) | 1932 (169 દિવસ) |
| 23. | કર્ટ વોન શ્લેઇચર (Kurt von Schleicher) | 1932–33 (56 દિવસ) |
| | **ત્રીજું સામ્રાજ્ય (Third Reich - 1933–45)** | |
| 24. | એડોલ્ફ હિટલર (Adolf Hitler) | 1933–45 (12 વર્ષ, 90 દિવસ) |
| 25. | જોસેફ ગોબેલ્સ (Joseph Goebbels) | 1945 (1 day) |
| | **ફેડરલ રિપબ્લિક ઓફ જર્મની (Federal Republic of Germany - 1949–વર્તમાન)** | |
| 26. | કોનરાડ એડેનોઅર (Konrad Adenauer) | 1949–63 (14 વર્ષ, 30 દિવસ) |

| | | |
|---|---|---|
| 27. | લુડવિગ એરહાર્ડ (Ludwig Erhard) | 1963–66 (3 વર્ષ, 45 દિવસ) |
| 28. | કર્ટ જ્યોર્જ કિસિંજર (Kurt Georg Kiesinger) | 1966–69 (2 વર્ષ, 324 દિવસ) |
| 29. | વિલી બ્રાંડટ (Willy Brandt) | 1969–74 (4 વર્ષ, 197 દિવસ) |
| 30. | વોલ્ટર શિલ (Walter Scheel) | 1974 (9 દિવસ) |
| 31. | હેલ્મટ શ્મિટ (Helmut Schmidt) | 1974–82 (8 વર્ષ, 138 દિવસ) |
| 32. | હેલ્મુટ કોહલ (Helmut Kohl) | 1982–98 (16 વર્ષ, 26 દિવસ) |
| 33. | ગેરહાર્ડ શ્રોડર (Gerhard Schröder) | 1998–2005 (7 વર્ષ, 26 દિવસ) |
| 34. | એન્જેલા મર્કેલ (Angela Merkel) | 2005–2021 (16 વર્ષ, 16 દિવસ) |
| ( Source : https://www.britannica.com/place/Ruhr ) | | |

**બાળપણ તથા પારિવારિક જીવન ઈતિહાસ :-**

એન્જેલા ડોરોથિયા કાસ્નર (Angela Dorothea Kasner)નો જન્મ 17 જુલાઈ, 1954માં હેમ્બર્ગ, પશ્ચિમ જર્મનીમાં થયો હતો. તેઓ જર્મન અને પોલિશ વંશના છે. એન્જેલાના પિતા હોર્સ્ટ કાસ્નર (Horst Kasner; જન્મ - 6 ઓગસ્ટ 1926ના રોજ બર્લિનમાં, મૃત્યુ - 2 સપ્ટેમ્બર 2011ના રોજ ટેમ્પલિનમાં) પ્રોટેસ્ટંટ ધર્મશાસ્ત્રી હતા. એન્જેલાની માતા હર્લિન્ડ કાસ્નર (Herlind Kasner; જન્મ - 8 જુલાઈ 1928ના રોજ ડેન્ઝિગ (પોલેન્ડ)માં, મૃત્યુ - 6 એપ્રિલ 2019ના રોજ ટેમ્પલિનમાં) અંગ્રેજી અને લેટિનના શિક્ષક હતા. શિક્ષિત પરિવારમાં જન્મેલા એન્જેલા મર્કેલ ગણિત અને રશિયન બોલવામાં નિપૂણ હતા. તેમણે શાળાકીય અભ્યાસ પૂર્ણ કર્યા બાદ કાર્લ માર્ક્સ યુનિવર્સિટી, લેઇપઝિગમાંથી વર્ષ 1973 થી 1978 દરમિયાન ભૌતિકશાસ્ત્રનો અભ્યાસ કર્યો. (Werner Reutter : 2005)[5].



એ જ અરસામાં એન્જેલા કાસ્નરે 1977માં 23 વર્ષની ઉંમરે ભૌતિકશાસ્ત્રના વિદ્યાર્થી અલરિચ મર્કેલ (Ulrich Merkel) સાથે લગ્ન કર્યા જોકે 1982માં છૂટાછેડા દ્વારા લગ્નનો અંત આવ્યો. છૂટાછેડા બાદ પણ એન્જેલાએ પોતાની અટક મર્કેલ જ રાખી. ત્યારબાદ ક્વોન્ટમ કેમિસ્ટ અને પ્રોફેસર જોઆચિમ સોઅર (Joachim Sauer) સાથે 30 ડિસેમ્બર 1998ના રોજ લગ્ન કર્યા હતા. એન્જેલાને પોતાનું કોઈ સંતાન નથી, પરંતુ બીજા પતિ સોઅરને અગાઉના લગ્નથી બે પુત્રો છે.

---

5 Werner, Reutter (1 December 2005). "Who's Afraid of Angela Merkel?: The Life, Political Career, and Future of the New German Chancellor". *International Journal*.

ખ્રિસ્તી ધર્મ ધરાવતા એન્જેલા મર્કેલ બર્લિન, બ્રાન્ડેનબર્ગ અને સિલેસિયન અપર લુસાટિયા (જર્મન: Evangelische Kirche Berlin-Brandenburg-schlesische Oberlausitz – EKBO), યુનાઈટેડ પ્રોટેસ્ટન્ટ (એટલે કે રિફોર્મ્ડ અને લ્યુથરન બંને) ચર્ચ હેઠળના ઇવેન્જેલિકલ ચર્ચના લ્યુથરન સભ્ય છે. 2012 માં, મર્કેલે વિશ્વાસ વિશે કહ્યું કે, 'હું ઇવેન્જેલિકલ ચર્ચની સભ્ય છું. હું ભગવાનમાં વિશ્વાસ કરું છું અને ધર્મ પણ મારો સતત સાથી છે, અને તે મારા સમગ્ર જીવન માટે રહ્યો છે. ખ્રિસ્તીઓ તરીકે આપણે બધાથી ઉપર ન હોવા જોઈએ.' (In 2012, Merkel said, regarding her faith: "I am a member of the evangelical church. I believe in God and religion is also my constant companion, and has been for the whole of my life. We as Christians should above all not be afraid of standing up for our beliefs.")(Spencer Nick : 2016)[6]. વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ ધરાવતા એન્જેલા મર્કેલનું વલણ તાર્કિક અને મિજાજી હોવાની સાથે પોતાના ધર્મ પ્રત્યેનો અતૂટ વિશ્વાસ રાખે છે. જે દર્શાવે છે કે જર્મની મહિલાઓ પ્રગતિ કરી રહી છે, પરંતુ પરંપરાગત Four K' (ચાર કે)ની ભૂમિકા તેમની રોજીંદી જીવનશૈલીમાં જોવા મળે છે. જે સંપૂર્ણપણે ભૂંસાઈ નથી.

**રાજકીય સફર :-**

નવેમ્બર 1989માં બર્લિનની દીવાલનું પતન મર્કેલની રાજકીય કારકિર્દી માટે ઉત્પ્રેરક તરીકે કામ કર્યું. દિવાલ પડી તે રાત્રે તેણીએ ભીડની ઉજવણીમાં ભાગ લીધો ન હોવા છતાં, એક મહિના પછી મર્કેલ નવી પાર્ટી ડેમોક્રેટિક બિગનીંગમાં જોડાઈને વધતી લોકશાહી ચળવળમાં સામેલ થઈ ગઈ (Huggler, Justin : 2015)[7]. પૂર્વ જર્મનીમાં પ્રથમ અને એકમાત્ર બહુપક્ષીય ચૂંટણી બાદ, તે લોથર ડી મેઇઝીરે (Lothar de Maizière) હેઠળ સરકારના નાયબ પ્રવક્તા બન્યા (Langguth, Gerd : 2005)[8]. મર્કેલએ માતૃભૂમિ સુરક્ષા સેવાઓ સાથે "અનૌપચારિક સહકાર્યકર" તરીકે પક્ષના નેતા, વુલ્ફગેંગ શ્નુર (Wolfgang Schnur) ની ભૂમિકા પર સવાલ ઉઠાવતા પત્રકારો સાથેના તેમના નિપુણ વ્યવહારથી ડી મેઝીઅર (de Maiziere) ને પ્રભાવિત કર્યા હતા (Huggler, Justin : 2015). મર્કેલે શરૂઆતમાં સંસદીય મતવિસ્તારમાં યોજાયેલી સતત સાત ચૂંટણીઓમાં જીત હાંસલ કરી છે. તેઓના પ્રભાવશાળી વ્યક્તિત્વ અને રાજકારણ ક્ષેત્રે આગેકૂચથી પ્રેરાઈને સંસદમાં પ્રવેશ લીધા બાદ ચાન્સેલર હેલમુટ કોહલે (Helmut Josef Michael Kohl) ફેડરલ કેબિનેટના સૌથી નાના અને સૌથી ઓછા શક્તિશાળી મંત્રાલયમાં 'મહિલા અને યુવા મંત્રી' (1991-1994) તરીકે એન્જેલા મર્કેલની નિમણૂક કરી. (Vick, Karl : 2015)[9]. બ્રાન્ડેનબર્ગ

---

[6] Spencer, Nick (6 January 2016). "Angela Merkel: How Germany's Iron Chancellor is shaped by her Christianity | Christian News on Christian Today". Christiantoday.com.

[7] Huggler, Justin (9 October 2015). "10 moments that define German chancellor Angela Merkel". *The Daily Telegraph*.

[8] Langguth, Gerd (August 2005) [2005]. *Angela Merkel* (in German). Munich: DTV. pp. 112–137. ISBN 3-423-24485-2.

[9] Vick, Karl (2015). "Time Person of the Year 2015: Angela Merkel". *Time*.

(Brandenburg)માં નવેમ્બર 1991માં CDU (The Christian Democratic Union of Germany)ના નેતૃત્વ માટે યોજાયેલી અત્યાર સુધીની આ એકમાત્ર ચૂંટણીમાં મર્કેલ હાર્યા છે.

છતાં રાજકારણ ક્ષેત્રે અડીખમ રહીને 1994માં, પર્યાવરણ અને પરમાણુ સુરક્ષા મંત્રીના પદ પર બઢતી પ્રાપ્ત કરી. મર્કેલ જે મંત્રાલયમાં કાર્યરત હતા તે ખૂબ જ નાનું મંત્રાલય હતું અને યુવા મર્કેલ દ્વારા એ મંત્રાલય ચાલતું. આથી હેલમુટ કોહલે એન્જેલા મર્કેલને 'મેઈન મેડચેન' ("મારી છોકરી") તરીકે ઓળખાવી હતી (Weiland, Severin : 2005)[10]. 1998ની ચૂંટણીમાં કોહલ સરકારનો પરાજય થયો તે પછી, મર્કેલને CDUના સેક્રેટરી-જનરલ તરીકે નિમણૂક કરવામાં આવી (Packer, George :2014)[11].

એન્જેલા મર્કેલે જર્મન-અમેરિકન મિત્રતાની હિમાયત કરી હતી. 2003માં આક્રમક વિરોધને અવગણીને, ઇરાક પરના આક્રમણની તરફેણમાં આવ્યા, સાથે જ ચાન્સેલર ગેરહાર્ડ શ્રોડર (Gerhard Fritz Kurt Schröder) પર અમેરિકન વિરોધી હોવાનો આરોપ મૂક્યો. તેણીએ યુરોપિયન યુનિયનમાં તુર્કીના જોડાણ માટે સરકારના સમર્થનની ટીકા કરી અને તેના બદલે "વિશેષાધિકૃત ભાગીદારી" (Privileged Partnership) ની તરફેણ કરી. આમ કરવાથી, તેણીએ જાહેર અભિપ્રાયને પ્રતિબિંબિત કર્યો જે યુરોપિયન યુનિયનના તુર્કી સભ્યપદ પ્રત્યે વધુ પ્રતિકૂળ બન્યો. (Casier; Jongerden : 2010)[12]. 30 મે 2005ના રોજ, મર્કેલ CDU/CSU (The Christian Social Union) નોમિનેશન જીત્યા. 18 સપ્ટેમ્બર 2005ના રોજ, રાષ્ટ્રીય ચૂંટણીઓમાં મર્કેલની વિરુદ્ધ શ્રોડર હતા. જો કે શ્રોડર અને મર્કેલ બંનેએ જીતનો દાવો કર્યો હતો (Packer : 2014)[13]. બંને પક્ષોએ ચાન્સેલરશિપની માંગણી અને વાટાઘાટો કરવાનો પ્રયાસ કર્યો. આશરે ત્રણ સપ્તાહની વાટાઘાટો પછી એન્જેલા મર્કેલ ચાન્સેલર બનશે અને એસપીડી કેબિનેટમાં 16માંથી 8 બેઠકો ધરાવશે તેવો નિર્ણય કરવામાં આવ્યો. (*BBC News* : 2005)[14]. એ રીતે નાના મંત્રાલયથી રાજકીય કારકિર્દી શરુ કરનાર એન્જેલા જર્મનીના ચાન્સેલર બન્યા.

**જર્મનીના ચાન્સેલર તરીકે :-**

22 નવેમ્બર 2005ના રોજ એન્જેલા મર્કેલએ જર્મનીના ચાન્સેલર તરીકે શપથ લીધા હતા. મર્કેલની સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય જર્મન બેરોજગારી ઘટાડવાનો જ રહ્યો, જેમાં તેઓ ઘણે અંશે સફળ પણ નીવડ્યા.

---

[10] Weiland, Severin (30 May 2005). "Kohls unterschätztes Mädchen" [Kohl's Underestimated Girl]. *Der Spiegel* (in German). Archived from the original on 18 July 2009.

[11] Packer, George (1 December 2014). "The Astonishing Rise of Angela Merkel". *The New Yorker*

[12] Casier, Marlies; Jongerden, Joost, eds. (2010). *Nationalisms and Politics in Turkey*. p. 110. doi:10.4324/9780203847060. ISBN 978-1-136-93867-2.

[13] Packer, George (1 December 2014). "The Astonishing Rise of Angela Merkel". *The New Yorker*.

[14] "Merkel named as German chancellor". *BBC News*. 10 October 2005

મર્કેલ બીજા મંત્રીમંડળમાં પણ ચૂંટાઈ આવ્યા અને 28 ઓક્ટોબર 2009ના રોજ શપથ લીધા હતા. તેમના ત્રીજા મંત્રીમંડળે 17 ડિસેમ્બર 2013ના રોજ શપથ લીધા હતા. ઑક્ટોબર 2016માં લેવાયેલા એક મતદાન મુજબ, 54% જર્મન નાગરીકો ચાન્સેલર તરીકે એન્જેલા મર્કેલના કામથી સંતુષ્ટ હોવાનું જણાયું હતું (Ehni : 2016)[15]. સતત ચોથી વખત 2017ની ફેડરલ ચૂંટણીમાં મર્કેલની જીત થઇ. ડિસેમ્બર 2017ના અંતમાં પ્રકાશિત થયેલ એક YouGov સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે તમામ ઉત્તરદાતાઓમાંથી માત્ર 36 ટકા જ ઇચ્છે છે કે મર્કેલ 2021 સુધી સુકાન સંભાળે, જ્યારે સર્વેક્ષણ કરાયેલા મતદારોમાંથી અડધા મતદારોએ વિધાનસભાની સમાપ્તિ પહેલા ટોચ પર ફેરફારની હાકલ કરી હતી (Delhaes : 2017)[16]. મર્કેલે એ જ સમયગાળામાં જાહેરાત કરી કે તેઓ ફેડરલ ચૂંટણીમાં ફરીથી ચૂંટણી નહી લડે. આથીજ સપ્ટેમ્બર 2021 માં, સતત સોળ વર્ષના સફળ શાસન પછી ચાન્સેલરી પદ છોડ્યું છે. હવે પછી નવી સરકાર રચવા માટે વિવિધ પક્ષો વચ્ચે લાંબી વાટાઘાટો થવા લાગી. 23 નવેમ્બર 2021ના રોજ, નવા ગઠબંધનની જાહેરાત કરવામાં આવી, જેમાં સાબિત થયું કે ઓલાફ સ્કોલ્ઝ જર્મનીના નવા ચાન્સેલર બનશે. છતાં શપથગ્રહણ ન થાય ત્યાં સુધી એટલે કે ડિસેમ્બર 2021 સુધી, એન્જેલા મર્કેલ ચાન્સેલર તરીકે કેરટેકર તરીકે સેવા આપવાનું ચાલુ રાખશે.

**વિશ્વની સૌથી શક્તિશાળી મહિલા :-**

વિશ્વભરમાં એન્જેલા મર્કેલની લોકપ્રિયતા વધવાનું મુખ્ય કારણ એ જ કે તેઓએ જર્મન નાગરીકો માટે ખૂબ જ મહત્વના નિર્ણયો લીધા. જેમ કે, 2008ની મંદીમાં બેલઆઉટ પેકેજ બહાર પાડ્યું. વૈશ્વિક મંદી અને યુરો ધિરાણ સંકટથી ઘેરાયેલું યુરોપીયન યુનિયન પર જોખમ હતું. દેવામાં ડૂબેલું ગ્રીસ 2010માં કોમન કરન્સી અને ઇયુ છોડવાના આરે હતું ત્યારે મર્કેલે બેલઆઉટ પેકેજ આપ્યું. તેમના નિર્ણયો યુરોઝોન કરન્સી બરકરાર રહેવાનું કારણ મનાય છે (દિવ્ય ભાસ્કર). જર્મન શ્રમ કાયદાના ફેરફારોની હિમાયત કરી. આ ઉપરાંત અન્ય મહત્વનો નિર્ણય એ હતો કે તેમણે, 2014માં રશિયા અને યૂક્રેન વચ્ચે થયેલ યુદ્ધને રોકવા મોટાભાગના નેતાઓને એકત્રિત કર્યા. રશિયાએ ક્રીમિયા ટાપુ કબજે કરી લીધો હતો, આથી મર્કેલે અનેક વાતચીત તથા રશિયા પર સત્તાત્મક દબાણ કરી યુદ્ધવિરામ કરાવ્યો. ઓગસ્ટ 2015 ના અંતમાં, યુરોપિયન સ્થળાંતરમાં સતત વધારો થયો. ત્યારે મર્કેલની સરકારે જર્મની સીરિયન શરણાર્થીઓની આશ્રય અરજીઓ પર પણ પ્રક્રિયા કરવાનું શરુ કર્યું. સીરિયામાં ગૃહયુદ્ધ બાદ શરણાર્થીઓ યુરોપ આવ્યા ત્યારે મર્કેલે અંદાજે 10 લાખ શરણાર્થીઓને જર્મનીમાં જગ્યા આપી. મર્કેલ ઘણા બધા ક્ષેત્રોમાં પાવરધા છે, તેઓ મહિલા, બાળ વિકાસ, નીતિ-નિર્માણના કલ્યાણકારી કાર્યો કરવા માટે જાણીતા છે. એન્જેલા ઔદ્યોગિક દેશોની વર્લ્ડ ઇકોનોમિક સમિટનું આયોજન કરી ઉદ્યોગ ક્ષેત્રે પ્રગતિ અને વિકાસ

[15] Ehni, Ellen (6 October 2016). "ARD-DeutschlandTrend: Merkel überwindet ihr Tief" [ARD-DeutschlandTrend: Merkel overcomes her low point.] (in German). ARD-tagesschau.

[16] Delhaes, Daniel (28 December 2017). "Waning support puts Merkel's future in doubt". *Handelsblatt Global*.

માટે અગ્રેસર બન્યા છે. સાથે જ તેઓ પર્યાવરણવિદ છે તેમ કહેવામાં નાનમ નથી. તેનું મુખ્ય કારણ એ જ કે, તેઓએ પર્યાવરણની શુદ્ધતા અને જળવાયુ પરિવર્તન કરવા પર ભાર મૂક્યો. કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરવામાં તેઓ સફળ નીવડ્યા છે. આથીજ મર્કેલને 'ક્લાઇમેટ ચાન્સેલર' તરીકે પણ ઓળખવામાં આવે છે.

### જર્મની અને ભારતના સંબધોમાં મહત્વપૂર્ણ કડી એન્જેલા મર્કેલ :-

ભારત અને જર્મની વચ્ચેના સંબંધો માત્ર ઔદ્યોગિક અને ટેકનોલોજી સહકારને કારણે જ નહી પરંતુ સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, ધાર્મિક એમ બધી જ બાબતોમાં પરંપરાગત રીતે સહકારભર્યા રહ્યા છે. 2008માં, જર્મન ચાન્સેલર એન્જેલા મર્કેલએ ભારત-જર્મન આંતર-સરકારી પરામર્શ માટે મુલાકાત લીધી. જેમાં વાણિજ્ય, વિજ્ઞાન, ટેક્નોલોજી અને સંરક્ષણ ક્ષેત્રે દ્વિપક્ષીય સહકારને વિસ્તારતા અનેક કરારો પર હસ્તાક્ષર થયા. એન્જેલાએ ભારત દેશના મહત્વનાં સ્થળો જેવા કે, રાષ્ટ્રપતિ મહેલ, રાજઘાટ ખાતે મહાત્મા ગાંધીના સ્મારક, બેંગલુર, રોબર્ટ બોશના વ્યાવસાયિક તાલીમ સુવિધાઓ અને નવીનતા કેન્દ્ર, The National Association of Software and Service Companies (NASSCOM) અને Fraunhofer Society દ્વારા આયોજિત બિઝનેસ અને ટેક્નોલોજી ફોરમમાં હાજરી આપી હતી. વર્ષ 2015ની મુલાકાત દરમિયાન મર્કેલે 10મી સદીના અવશેષો હિંદુ દેવી દુર્ગાની મહિષાસુરમર્દિની અવતારની પ્રતિમા ભારત દેશને સુપરત કરી સંબંધો વધુ ગાઢ બનાવ્યા.[17] જર્મનીની ઓટો કંપનીઓ બીએમડબલ્યૂ, ઓડી, ફોક્સવેગન સહિતની કંપનીનો વ્યાપાર સક્રિય છે. ઓટો, આઇટી અને ફાર્મા ક્ષેત્રની જર્મન કંપનીઓના રોકાણ દ્વારા દેશમાં અનેક લોકોને રોજગારી પૂરી પાડે છે.

ભારત અને જર્મનીની શૈક્ષણિક અને સાંસ્કૃતિક આપ-લેની પ્રાચીન પરંપરા છે. ઉપનિષદો અને ઋગ્વેદનો અનુવાદ અને પ્રકાશન કરનાર ઈન્ડો-યુરોપિયન ભાષાઓના પ્રથમ વિદ્વાન મેક્સ મુલર હતા. ભારતીય ફિલસૂફી અને ભાષાઓમાં જર્મન રસને પરિણામે 1818માં યુનિવર્સિટી ઓફ બોન ખાતે ઈન્ડોલોજીના પ્રથમ અધ્યક્ષની સ્થાપના કરવામાં આવી. ભારત સરકારે જર્મન યુનિવર્સિટીઓમાં ભંડોળ પૂરું પાડ્યું છે. તેમજ ભારતીય નૃત્ય, સંગીત અને સાહિત્ય, મોશન પિક્ચર, ભારતીય ફિલ્મો અને ટીવી ઉદ્યોગમાં જર્મની રસ વધી રહ્યો છે. બન્ને દેશો વચ્ચેની મુલાકાતોના સંદર્ભમાં જોઈએ તો, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જર્મનીની પ્રથમ સત્તાવાર મુલાકાત એપ્રિલ 2015માં અને 2017માં બે વાર મુલાકાત લીધી. ચાન્સેલર મર્કેલના આમંત્રણ પર નરેન્દ્ર મોદીએ 20 એપ્રિલ, 2018ના રોજ બર્લિનની ટૂંકી સત્તાવાર મુલાકાત લીધી. ઉપરાંત જર્મન રાષ્ટ્રપતિ ડૉ. ફ્રેન્ક-વોલ્ટર સ્ટેઈનમેયર (Dr. Frank-Walter Steinmeier)

---

17 "Angela Merkel returns India's stolen 10th century Durga idol to Narendra Modi". *Indian Express*.

માર્ચ 2018 માં ભારતની પાંચ દિવસીય મુલાકાત લીધી જે દરમિયાન તેમણે દિલ્હી, વારાણસી અને ચેન્નાઈની મુલાકાત લીધી. ચાન્સેલર મર્કેલ 2007, 2011, 2015 અને 2019માં ભારતની મુલાકાતે આવ્યા છે. પીએમ મોદીએ ટ્વિટર પર આ બેઠકની જાહેરાત કરી હતી. તેમણે લખ્યું, "ભારત-જર્મન સંબંધોને મજબૂત કરવામાં ચાન્સેલર મર્કેલનું અમૂલ્ય યોગદાન છે. આજે તેમને લાંબા સમય પછી રોમમાં વ્યાપક અને ફળદાયી વાતચીત માટે મળીને આનંદ થયો." (PMO India, Tweet : 31, Oct 2021)[18].

રાજકીય નેતાઓ જ નહિ પરંતુ સામાન્ય નાગરીકોની અવર-જવર વ્યાપકપણે જોવા મળે છે. એક અંદાજ મુજબ, જર્મનીમાં લગભગ 1.7 લાખ ભારતીયો અને ભારતીય મૂળના લોકો છે. ભારતીય ડાયસ્પોરામાં મુખ્યત્વે વ્યાવસાયિકો, ટેકનોક્રેટ્સ, ઉદ્યોગપતિઓ/વેપારીઓ અને નર્સોનો સમાવેશ થાય છે. જર્મનીમાં આઇટી, બેન્કિંગ, ફાઇનાન્સ વગેરે ક્ષેત્રોમાં લાયકાત ધરાવતા ભારતીય વ્યાવસાયિકોની સંખ્યામાં છેલ્લા કેટલાક વર્ષોમાં વધારો થયો છે. જર્મનીમાં સંખ્યાબંધ ભારતીય સંગઠનો છે. લગભગ 17,500 ભારતીય વિદ્યાર્થીઓ જર્મનીમાં વિવિધ અભ્યાસક્રમો કરી રહ્યા છે. (mea.gov.in).[19] જે દર્શાવે છે કે, ભારત અને જર્મનીના સંબંધો પરંપરાથી માંડી આધુનિક ટેકનોલોજીનાં યુગ સુધી, રાજા-રજવાડાઓથી માંડી એન્જેલા મર્કેલ સુધી વિકસિત અને મજબૂત રહ્યા છે.

**અન્ય રસપ્રદ વાતો :-**

મર્કેલના પહેરવેશ સંદર્ભે જોઈએ તો, તેઓ મોટેભાગે સાદગીમાં જ જોવા મળે છે. મોટેભાગે બ્લેઝર પહેરતા એન્જેલા હેન્ડબેગ પણ નથી વાપરતા. એવું કહેવાય છે કે તેમણે સમગ્ર કાર્યકાળ દરમિયાન ક્યારેય કોઇ મેકઅપ આર્ટિસ્ટ કે કૂક નથી રાખ્યા. એનું મુખ્ય કારણ એ જ કે તેઓને રસોઈ કરવી ખૂબ જ ગમે છે. તેમનો રેડિયો સાંભળવાનો શોખ જ રાજકારણમાં લઇ આવ્યો. તેઓ માતા-પિતાથી છૂપાઈને પશ્ચિમ જર્મની રેડિયો સાંભળતા. અનન્ય પ્રતિભાથી પ્રેરાઈને ફોર્બ્સ દ્વારા તેમને 10 વખત વિશ્વનાં સૌથી શક્તિશાળી મહિલાનો ખિતાબ આપી ચૂક્યું છે. વિશ્વની સૌથી શક્તિશાળી વ્યક્તિઓની યાદીમાં પણ તેઓ બે વખત બીજા ક્રમે રહી ચૂક્યા છે. રાજકારણ પ્રવેશ પછી તેઓ મોટેભાગે આંતરરાષ્ટ્રીય મીડિયાના બદલે સ્થાનિક મીડિયાને જ ઇન્ટરવ્યૂ આપવાનું વધુ પસંદ કરે છે. સ્થાનિક મીડિયા રિપોર્ટ્સ મુજબ, અન્ય સત્તાધારી જર્મન નેતાઓની જેમ મર્કેલ પાસે મોટી કાર, પ્રાઇવેટ જેટ કે બંગલો પણ નથી. (દિવ્ય ભાસ્કર)[20].

---

18 PMO India, Tweet : 31, Oct 2021 https://twitter.com/PMOIndia/status/1454833932902486022?ref_src=twsrc%5Etfw%7Ctwcamp%5Etweetembed%7Ctwterm%5E1454833932902486022%7Ctwgr%5E%7Ctwcon%5Es1_&ref_url=https%3A%2F%2Fwww.republicworld.com%2Fworld-news%2Fglobal-event-news%2Fpm-narendra-modi-holds-fruitful-talks-on-indo-german-relations-with-angela-merkel.html

19 https://mea.gov.in/Portal/ForeignRelation/Germany2020f.pdf

20 દિવ્ય ભાસ્કર, ગુજરાતી ન્યુઝ, પીપલ ભાસ્કર-ચર્ચામાં એન્જેલા મર્કેલ: જાતે રસોઇ બનાવતા રાષ્ટ્રપ્રમુખ, 10 વખત વિશ્વનાં સૌથી શક્તિશાળી મહિલા રહ્યાં, વોશિંગ્ટન, https://divya-b.in/MARumWVFzkb

રાજકીય નેતાઓ એમાંય ખાસ કરીને ઉચ્ચ હોદ્દો ધરાવતા સત્તાધારીઓ સ્પોર્ટ્સ જેવી રમતોને લગતા નીતિ-નિર્માણનાં કાર્યો કે અન્ય કલ્યાણકારી યોજનાઓનું આયોજન, પ્રચાર-પ્રસાર કરતા હોય છે. પરંતુ કોઈ ચોક્કસ રમતનાં  ચાહક હોવું એવું ભાગ્યે જ કોઈ નેતામાં જોઈ શકાય છે. પશ્ચિમી સમાજમાં ફૂટબોલની રમત ખૂબ જ લોકપ્રિય છે. ખૂદ મર્કેલ પોતે પણ એક ઉત્સાહી ફૂટબોલ ચાહક છે. રાષ્ટ્રીય ટીમની રમતોમાં હાજરી આપવા માટે જાણીતી છે. 2014 વર્લ્ડ કપ ફાઇનલમાં જર્મનીની આર્જેન્ટિના સામેની સ્પર્ધામાં આપેલ હાજરી તેનું ઉદાહરણ છે. (Camargo Marcelo : 2014)[21]. જર્મન ફિલ્મ નિર્દેશક હેઇનર કેરો (Heiner Carow)ની 1973માં રિલીઝ થયેલી પૂર્વ જર્મન મૂવી ધ લિજેન્ડ ઓફ પોલ એન્ડ પૌલા (*The Legend of Paul and Paula*) મર્કેલની મનપસંદ ફિલ્મ છે (Welle Deutsche : 2018)[22]. તેઓને કૂતરાથી ડર લાગે છે, તે બાબત ખૂબ જ સરળતાથી સ્વીકારે છે. નાઇજિરિયન લેખક અને નારીવાદી પ્રતિષ્ઠિત ચિમામાન્ડા ન્ગોઝી એડિચી (Chimamanda Ngozi Adichie) સાથેની એક કોન્ફરન્સમાં એન્જેલા મર્કેલે પોતાને નારીવાદી માનતા હોવાનું સ્વીકાર્યું હતું. ફિલ્મ કે સાહિત્યના ક્ષેત્રે જોઈએ તો, કેટલાંક લેખકો સત્ય ઘટનાઓ અથવા કાલ્પનિક કથાઓને આધારે કૃતિ તૈયાર કરે છે. લેરી ચાર્લ્સ (Larry Charles) દ્વારા નિર્દેશિત મર્કેલનાં રાજકીય જીવનને વ્યંગાત્મક રીતે રજૂ કરતી ફિલ્મ 'ધ ડિક્ટેટર' (*The Dictator*) બની હતી. જેમાં મુખ્ય પાત્ર સ્વિસ અભિનેત્રી અન્ના કેટરિનાનું હતું.

પ્રસિદ્ધ નાટ્યકાર નિક ઑવડે (Nick Awde)ના બ્રુગ્સ, એન્ટવર્પ, ટેર્વ્યુરેન નાટકોમાં મર્કેલ નામના પાત્રનો ઉલ્લેખ જોવા મળે છે. તેમજ માઈકલ પેરાસ્કોસ (Michael Paraskos)ની નવલકથા ઈન સર્ચ ઓફ સિક્સપેન્સ (*In Search of Sixpence*)માં અશુભ સ્ત્રી નોકર તરીકે પણ દેખાય છે. (Paraskos Michael : 2016)[23]. અમેરિકાના પ્રખ્યાત સેટરડે નાઇટ લાઇવ (Saturday Night Live - SNL) ટેલિવિઝન સ્કેચ કોમેડી શો કેટ મેકકિનોને (Kate McKinnon) અને બ્રિટીશના પ્રખ્યાત ટ્રેસી ઉલમેનનો શો એ બ્રિટિશ સ્કેચ કોમેડી ટેલિવિઝન શ્રેણીમાં ટ્રેસી ઉલમેને એન્જેલા મર્કેલની પેરોડી કરેલ હતી. (Moran Lee : 2016)[24]. ઉપરાંત વર્ષ 2016માં આર્ટે અને દાસ એર્સ્ટે (Arte and Das Erste)ના સહયોગથી બનેલ ફિલ્મ એન્જેલા મર્કેલ - ધ અનપેક્ષિત (Angela Merkel – The Unexpected)માં તેઓના સમગ્ર જીવન, પૂર્વ જર્મન ભૌતિકશાસ્ત્રીથી વિશ્વની સૌથી શક્તિશાળી મહિલા સુધીના તેમના સફર અને સંઘર્ષ દર્શાવવામાં આવ્યો

---

21 Camargo, Marcelo (25 January 2014). "Germany chancellor and president to watch final at Maracanã". Agenciabrasil.ebc.com.br. Archived from the original on 14 July 2014. Retrieved 11 July 2014.

22 Welle (dw.com), Deutsche. "Merkel reveals politically explosive favorite film | DW | 15 May 2013". Deutsche Welle. Archived from the original on 15 December 2018. Retrieved 14 December 2018.

23 Paraskos, Michael, *In Search of Sixpence* (London: Friction Press, 2016).

24 Moran, Lee (11 December 2016). "'SNL' Version of Angela Merkel Is Not Happy Donald Trump Is Time's 'Person of the Year'". *HuffPost*.

હતો (Smagge Patricia : 2016)[25]. એન્જેલા મર્કેલ એવા પ્રસિદ્ધ મહિલા છે કે જેઓ માત્ર રાજકારણ ક્ષેત્રે જ નહી પરંતુ કળા-કારીગરી, ફિલ્મ-સાહિત્ય, સાંસ્કૃતિક કે રમતગમત ક્ષેત્રે પ્રત્યક્ષ કે પરોક્ષરીતે સંકળાયેલા છે.

**સન્માન અને પુરસ્કારો[26] :-**

- ☆ 2006 - વિઝન ફોર યુરોપ એવોર્ડ
- ☆ 2006, 2007, 2008, 2009, 2011, 2012, 2013, 2014, 2015, 2016, 2017, 2018, 2019 અને 2020માં ફોર્બ્સ મેગેઝિનની "વિશ્વની 100 સૌથી શક્તિશાળી મહિલાઓ"ની યાદીમાં ટોચનું સ્થાન
- ☆ 2007 - જેરૂસલેમની હીબ્રુ યુનિવર્સિટી તરફથી માનદ ડૉક્ટરેટ પદવી
- ☆ 2008 - કાર્લ્સપ્રીસ - શાર્લમેગ્ન પ્રાઈઝ (The Karlspreis - Charlemagne Prize)
- ☆ 2008 જૂન - લીપઝિગ યુનિવર્સિટી (Leipzig University) તરફથી માનદ ડૉક્ટરેટ પદવી
- ☆ 2008 માર્ચ– બનઇ બ્રીથ યુરોપ એવોર્ડ ઓફ મેરિટ (B'nai B'rith Europe Award Of Merit)
- ☆ 2010 - ન્યૂ સ્ટેટ્સમેને (New Statesman) "વિશ્વની 50 સૌથી પ્રભાવશાળી વ્યક્તિઓ"માંના એક તરીકે બિરુદ.
- ☆ 2010, 16 જૂન - ગ્લોબલ લીડરશિપ એવોર્ડ
- ☆ 2010, 21 સપ્ટેમ્બર - લીઓ બેક મેડલ (The Leo Baeck Medal) એનાયત.
- ☆ 2011, 31 મે - ભારત સરકાર તરફથી વર્ષ 2009 માટે જવાહરલાલ નેહરુ પુરસ્કાર.
- ☆ 2012, 28 નવેમ્બર - હેઇન્ઝ ગેલિન્સ્કી એવોર્ડ (The Heinz Galinski).
- ☆ 2013 - ઈન્દિરા ગાંધી શાંતિ પુરસ્કાર.
- ☆ 2013 નવેમ્બર - યુનિવર્સિટી ઓફ સેજેડ (The University Of Szeged) દ્વારા માનદ ડૉક્ટરેટ પદવી
- ☆ 2013, 23 મે - રેડબાઉડ યુનિવર્સિટી નિજમેગેન (Radboud University Nijmegen) તરફથી માનદ ડૉક્ટરેટ પદવી
- ☆ 2014 નવેમ્બર - બ્રાતિસ્લાવાની કોમેનિયસ યુનિવર્સિટી (Comenius University In Bratislava) દ્વારા માનદ ડૉક્ટરેટ પદવી
- ☆ 2015 ડિસેમ્બર - ટાઈમ મેગેઝિનના પર્સન ઓફ ધ યર તરીકે પસંદગી.
- ☆ 2015 સપ્ટેમ્બર - યુનિવર્સિટી ઓફ બર્ન (The University Of Bern) દ્વારા માનદ ડૉક્ટરેટ પદવી
- ☆ 2016 મે - ઇન્ટરનેશનલ ફોર ફ્રીડમ્સ એવોર્ડ (The International Four Freedoms Award)

---

[25] Smagge, Patricia (2016). "Angela Merkel: The Unexpected – Angela Merkel – Die Unerwartete (2016) (In Dutch)". *cinemagazine.nl*.
[26] (Source : see important links)

- ☆ 2017 - એલી વિઝલ એવોર્ડ (The Elie Wiesel Award)
- ☆ 2017 જાન્યુઆરી - ઘેન્ટ યુનિવર્સિટી અને કેથોલીકે યુનિવર્સિટી લ્યુવેન (Ghent University And Katholieke Universiteit Leuven) દ્વારા સંયુક્ત રીતે માનદ ડૉક્ટરેટ પદવી
- ☆ 2017 મે - યુનિવર્સિટી ઓફ હેલસિંકી (The University Of Helsinki) દ્વારા માનદ ડૉક્ટરેટ પદવી
- ☆ 2019 મે - હાર્વર્ડ યુનિવર્સિટી (Harvard University) તરફથી માનદ ડૉક્ટરેટ પદવી
- ☆ 2020 - હેનરી એ. કિસિંજર પુરસ્કાર (The Henry A. Kissinger Prize)
- ☆ 2020 ઑક્ટોબર - ધ ટેક્નિયન - ઇઝરાયેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (The Technion - Israel Institute Of Technology) તરફથી માનદ ડૉક્ટરેટ પદવી
- ☆ 2021 જુલાઇ - જોન્સ હોપકિન્સ યુનિવર્સિટી તરફથી ડૉક્ટર ઓફ હ્યુમન લેટર્સનું બિરુદ (Johns Hopkins University).

**ઉપસંહાર :-**

એન્જેલા મર્કેલને આધુનિક યુગના સૌથી પ્રભાવશાળી મહિલા અને વિશ્વનાં ધુરંધર નેતાઓમાંના એક તરીકે ઓળખી શકાય છે. જો કે કેટલા લોકો તેમને ટીકા-ટીમ્પણ સાથે વિવિધ રીતે અસાધારણ મહિલા તરીકે પણ ઓળખે છે. વૈજ્ઞાનિક અભિગમ ધરાવતા મર્કેલની તુલના 20મી સદીના સૌથી લાંબા સમય સુધી સેવા આપનાર બ્રિટિશ વડા પ્રધાન માર્ગારેટ થેચર (Margaret Hilda Thatcher) સાથે કરવામાં આવી છે. માર્ગારેટ થેચરની જેમ જ એન્જેલા લોખંડી મહિલા (Iron Lady), લોખંડી છોકરી (Iron Girl) અને લોખંડી જર્મન મહિલા (The Iron Frau) તરીકે પ્રસિદ્ધ બન્યા છે. (Risen Clay : 2005)[27]. ઉપરાંત એન્જેલા એકમાત્ર એવા જર્મન મહિલા કે જેઓને જર્મન લોકો દ્વારા મુટ્ટી (*Mutti)* કે મોમી 'માતા' અને આયર્ન ચાન્સેલર (Iron Chancellor) નું ઉપનામ મળેલ છે. આજે જ્યારે સતત સોળ વર્ષના એકહથ્થુ શાસન પછી જર્મનીની સત્તા પલટાઈ રહી છે, આર્મિન લાશેટ, ઓલાફ શોલ્ત્સ, અનાલેના બેયરબોક જર્મન ચાન્સેલર બનવાની સ્પર્ધા અને અનેક વાટાઘાટો થઇ. તેમાંથી ઓલાફ શોલ્ત્સની પસંદગી થઇ. ઓલાફ શોલ્ત્સ વર્તમાન જર્મનીના ચાન્સેલર બની રહ્યા છે ત્યારે એ જ જોવું રહ્યું કે જર્મન પ્રજાના દિલ-ઓ-દિમાગ પર રાજ કરી ચૂકેલી એન્જેલા મર્કેલનું સ્થાન લઇ શકશે કે કેમ?

**સંદર્ભ સૂચિ :-**


- "Biographie: Angela Merkel, geb. 1954". *DHM*.
- "Germany's Angela Merkel declares 'yes, I am a feminist'". *Deutsche Welle*. 9 September 2021. Archived from the original on 8 September 2021.
- "Merkel named as German chancellor". *BBC News*. 10 October 2005


[27] Risen, Clay (5 July 2005). "Is Angela Merkel the next Maggie Thatcher?". *Slate*. Archived from the original on 28 April 2009.

- Camargo, Marcelo (25 January 2014). "Germany chancellor and president to watch final at Maracanã". Agenciabrasil.ebc.com.br. Archived from the original on 14 July 2014. Retrieved 11 July 2014.
- Casier, Marlies; Jongerden, Joost, eds. (2010). *Nationalisms and Politics in Turkey*. p. 110. doi:10.4324/9780203847060. ISBN 978-1-136-93867-2.
- Delhaes, Daniel (28 December 2017). "Waning support puts Merkel's future in doubt". *Handelsblatt Global*.
- Ehni, Ellen (6 October 2016). "ARD-DeutschlandTrend: Merkel überwindet ihr Tief" [ARD-DeutschlandTrend: Merkel overcomes her low point.] (in German). ARD-tagesschau.
- Holehouse, Matthew; Huggler, Justin; Vogt, Andrea (24 August 2015). "Germany drops EU rules to allow in Syrian refugees".
- Huggler, Justin (9 October 2015). "10 moments that define German chancellor Angela Merkel". *The Daily Telegraph*.
- Kornelius, Stefan (2013). *Angela Merkel: Die Kanzlerin und ihre Welt*. Hoffmann und Campe. ISBN 978-3455502916.
- Langguth, Gerd (August 2005) [2005]. *Angela Merkel* (in German). Munich: DTV. pp. 112–137. ISBN 3-423-24485-2.
- Langguth, Gerd (August 2005). Angela Merkel. DTV (in German). p. 10.
- Miller, Saskia (20 April 2020). "The Secret to Germany's COVID-19 Success: Angela Merkel Is a Scientist". *The Atlantic*.
- Moran, Lee (11 December 2016). "'SNL' Version of Angela Merkel Is Not Happy Donald Trump Is Time's 'Person of the Year'". *HuffPost*.
- Packer, George (1 December 2014). "The Astonishing Rise of Angela Merkel". *The New Yorker*
- Paraskos, Michael, *In Search of Sixpence* (London: Friction Press, 2016).
- Smagge, Patricia (2016). "Angela Merkel: The Unexpected – Angela Merkel – Die Unerwartete (2016) (In Dutch)". *cinemagazine.nl*.
- Spencer, Nick (6 January 2016). "Angela Merkel: How Germany's Iron Chancellor is shaped by her Christianity | Christian News on Christian Today". Christiantoday.com.
- Uhlmann, Stefan (14 August 2009). "Joachim Sauer, das Phantom an Merkels Seite". *Die Zeit* (in German).
- Vick, Karl (2015). "Time Person of the Year 2015: Angela Merkel". *Time*.
- Weiland, Severin (30 May 2005). "Kohls unterschätztes Mädchen" [Kohl's Underestimated Girl]. *Der Spiegel* (in German). Archived from the original on 18 July 2009.
- Welle (dw.com), Deutsche. "Merkel reveals politically explosive favorite film | DW | 15 May 2013". Deutsche Welle. Archived from the original on 15 December 2018. Retrieved 14 December 2018.
- Welle (www.dw.com), Deutsche. "Germany's SPD, FDP and Greens unveil governing coalition deal | DW | 24.11.2021". *DW.COM*.
- Werner, Reutter (1 December 2005). "Who's Afraid of Angela Merkel?: The Life, Political Career, and Future of the New German Chancellor". *International Journal*.
- દિવ્ય ભાસ્કર, ગુજરાતી ન્યુઝ, પીપલ ભાસ્કર-ચર્ચામાં એન્જેલા મર્કેલ: જાતે રસોઇ બનાવતા રાષ્ટ્રપ્રમુખ, 10 વખત વિશ્વનાં સૌથી શક્તિશાળી મહિલા રહ્યાં, વોશિંગ્ટન, https://divya-b.in/MARumWVFzkb

- ઉનડકટ કૃષ્ણકાંત, (૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૧) જર્મનીમાં મર્કેલ યુગનો અંત : હવે ગઠબંધન સરકાર https://sandesh.com/the-end-of-the-merkel-era-in-germany-now-a-coalition-government/


**Important Links :-**


1. "ABC News, 26 September 2021"
2. "True total hottie Frau": Die bislang beste Merkel – Parodie kommt von der BBC
3. Angela Merkel at the *Encyclopædia Britannica* - https://www.britannica.com/EBchecked/topic/711465
4. Angela Merkel collected news and commentary at *Forbes*
5. https://en.wikipedia.org/wiki/Angela_Merkel#cite_ref-187
6. https://www.britannica.com/biography/Angela-Merkel
7. https://www.britannica.com/place/Ruhr
8. https://www.britannica.com/topic/list-of-chancellors-of-Germany-2066807
9. https://www.forbes.com/profile/angela-merkel/?list=power-women&sh=70e9c20f22dd
10. https://www.youtube.com/watch?v=_goQBuHuGOQ
11. https://www.youtube.com/watch?v=GPJxxZwnozA
12. https://www.youtube.com/watch?v=NwLiHnuzF4c
13. Merkel's personal website (in German) - http://www.angela-merkel.de/
14. Official Website of Chancellor of the Federal Republic of Germany https://web.archive.org/web/20090223192858/http://www.bundeskanzlerin.de/Webs/BK/EN
15. Women In German Society, German Culture, germanculture.com



**ડૉ. ભાગ્યશ્રી રાજપૂત**

આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર,

સ્કુલ ઓફ હ્યુમેનીટીસ એન્ડ સોશિયલ સાયન્સ,

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ, ગુજરાત

bhagyashree.org@yahoo.com